ડીસા પાલિકામાં ભાજપ પ્રમુખ - ઉપપ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્ત પસાર

૨૬ સદસ્યોએ અવિશ્વાસ દરખાસ્તની તરફેણ કરી, જ્યારે માત્ર ૯ સદસ્યો વિરોધમાં જોડાયા

ડીસા, તા. ૨૪

ડીસા નગરપાલિકા ના ભાજપ નાં -મુખ અને ઉપ -મુખ વિરુદ્ધ રજુ થયેલી બીજી અવિશ્વાસ ની દરખાસ્ત પર આજ રોજ કલેકટર ની સુચના એ નાયબ કલેકટર ડો, દિગંત બ્રમભટ્ટ ની દેખરેખ નીચે યોજાયેલી બેઠક માં અવિશ્વાસ દરખાસ્ત રજુ કરનાર કોન્ગ્રેસ્સ ના સભ્યો અને તેમની ટીમ ના અપક્ષ સદસ્યો સાથે આશ્રય જનક રીતે ભાજપ નાં કેટલાક ચુટાયેલા સદસ્યો પણ જોડાતા આ અવિશ્વાસ દરખાસ્ત ની તરફેણ માં ૨૬ સદસ્યો એ આંગળી ઉંચી કરતા આ અવિશ્વાસ ની દરખાસ્ત પસાર થઈ હતી, હતી જયારે સામાં પક્ષે ભાજપ નાં ૯ સભ્યો એ ભાજપ તરફેણ કરી હતી,અને અવિશ્વાસ દરખાસ્ત વિરુદ્ધ માં મતદાન કર્યું હતું આ બાબતે નાયબ કલેકટરે આ અવિશ્વાસ ની દરખાસ્ત જરૂરી બે ત્રતીયાઉંસ બહુમતી થી પસાર થયેલી જાહેર કરી હતી અને તે રીતે ભાજપ નાં પાલિકા -મુખ અને ઉપ -મુખ સત્તા બચાવવા પોતાની સત્તા બચાવવા નિષ્ફળ રહેતા અને સત્તા ગુમાવતા કોન્ગ્રેસ્સ છાવણી માં આનંદ છવાયો હતો

ડીસા નગરપાલિકા માં સત્તા પર બીજી ટર્મ માં અઢી વર્ષ માટે સત્તા સ્થાને આવેલા ભાજપ ના -મુખ ડો, તેજલબેન પટેલ અને ઉપ -મુખ નીલેશભાઈ ઠક્કર વિરુદ્ધ ઓકતોમ્બર/૨૦૧૩ માં -થમ અવિશ્વાસ ની દરખાસ્ત વિરોધ પક્ષ એવા કોન્ગ્રેસ્સ અને અપક્ષ સદસ્યો એ રજુ કરી હતી જેમાં ભાજપ સત્તા બચાવવા માં સફળ રહેતા અવિશ્વાસ ની દરખાસ્ત ઉડી ગઈ હતી, જોકે તાજેતર માં પુનઃ કોન્ગ્રેસ્સ અને અપક્ષો એ પાલિકા ના ભાજપી -મુખ ડો, તેજલબેન પટેલ અને ઉપ -મુખ નીલેશભાઈ ઠક્કર વિરુદ્ધ અવિશ્વાસ ની દરખાસ્ત રજુ કરી હતી આ વખતે પરીસ્તીથી વિપરીત હતી કેમકે, ભાજપ ના ચુટાયેલા ૧૬ સભ્યો માં થી ૭ જેટલા સભ્યો ખુલ્લે આમ ભાજપ ના -મુખ અને ઉપ-મુખ સામે મેદાન માં પડ્યા હતા,ભાજપે આ તમામ સામે સચિવ કક્ષા એ પક્ષાંતર ધારા નો કાયદા નો દંડો ઉગામી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી ,જે ટ્રાયલ પર છે ત્યારે આ બળવાખોર ભાજપી સદસ્યો સામે ની આ પક્ષાંતર ધારા હેઠળ ની કાર્યવાહી બળતા માં ઘી ઉમેરાય તેવી બની હતી અને વિવાદ સમવાની જગ્યા એ વધુ વકર્યો હતો,ત્યારે આજે -મુખ /ઉપ -મુખ વિરુદ્ધ ની બીજી અવિસ્વાસ ની દરખાસ્ત પર ડીસા ના નાયબ કલેકટર ડો, દિગંત બર્મ ભટ્ટ અધ્યક્ષતા એ જનરલ બોર્ડ બેઠક યોજાઈ હતી સત્તા ની સાઠમારી ના રાજકારણ માં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ નો મોટો કાફલો પણ પાલિકા કચેરી પાસે ખડકી દેવાયો હતો, જે બાદ અવિશ્વાસ ની દરખાસ્ત પર મતદાન યોજાયું હતું ,જેમાં ૨૬ સદસ્યો એ અવિશ્વાસ દરખાસ્ત ની તરફેણ કરી હતી જયારે ૯ સભ્યો એ અવિશ્વાસ દરખાસ્ત નો વિરોધ કર્યો હતો જોકે આ અવિશ્વાસ દરખાસ્ત પસાર કરવા માટે જરૂરી એવા ૨૬ સદસ્યો એ પોતાની આંગળી ઉંચી કરી મત આપતા અહી રજુ થયેલી અવિશ્વાસ ની દરખાસ્ત પસાર થઈ હતી, જયારે ભાજપ નાં ૧૬ સભ્યો માં થી માત્ર ૯ સભ્યો ભાજપ તરફે રહી મતદાન કર્યું હતું અને ભાજપ નાં -મુખ ડો, તેજલબેન પટેલ અને ઉપ -મુખ નીલેશભાઈ ઠક્કરે ડીસા પાલિકા માં થી સત્તા ગુમાવી હતી, આમ, ભાજપ નાં ભગવા ને ભાજપ ના જ બળવાખોર ૭ સદસ્યો એ કોઈ અંગત કારણોસર લાંછન લગાવતા ડીસા પાલિકા માં થી ભાજપે સત્તા ગુમાવી છે, ડીસા વિધાનસભા પેટા ચુંટણી નાં હાર ને લઈ ને ભાજપ માં વક્તા જતા વિવાદ નાં પડઘા હજુ સમ્યા નથી ત્યારે ડીસા પાલિકા માં પણ આંતરિક વિવાદ અને સત્તાની સાઠમારી માં ભાજપ પક્ષ ના જ કાર્યકરો એક બીજા ની આમને -સામને આવતા ભાજપ ના ગઢ એવા ડીસા માં જાને ભાજપ ના વળતા પાણી થયા હોય તેવો નજારો હાલ તો જોવા મળી રહ્યો છે.આ અવિશ્વાસ દરખાસ્ત બાબતે થયેલ કાયદાકીય કાર્યવાહી વિષે નાયબ કલેકટર ડો, દિગંત બર્મ ભટ્ટ દ્વારા અવિશ્વાસ દરખાસ્ત પસાર થયેલ હોવાની જાહેરાત કરાઈ હતી

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આજ ની ભાજપ -મુખ /ઉપ -મુખ વિરુદ્ધ ની રજુ થયેલી આ અવિશ્વાસ દરખાસ્ત માં જાણે ભાજપ -દેશ નેતા ગણ એક તરફ અને ભાજપ ના જ પાલિકા -મુખ ડો, તેજલબેન પટેલ બીજી તરફ એકલા અટુલા પાર્ટી નાં પીઠબળ અને હુંફ વિના જોવા મળ્યા હતા કેમકે, જયારે ભાજપ સત્તા ગુમાવે તેવી સ્તીથી ની ભાજપ -દેશ નેતાગણ ને આગોતરી જાણ હતી, તેમ છતાં -દેશ ભાજપ ધ્વારા ભાજપ ના ૧૬ સદસ્યો ને પાર્ટી તરફેણ માં મત આપવા વ્હીપ પણ ન અપાતા ભારે આશ્રય ફેલાયું હતું,અને ભાજપ સામે બળવા માં આવેલા ૭ સભ્યો ખુલ્લે આમ ભાજપ -મુખ અને ઉપ-મુખ વિરુદ્ધ નાં અવિશ્વાસ પસ્તાવ નો વિરોધ કરવા ની જગ્યા એ તરફેણ કરી આંગળી ઉંચી કરતા ભાજપ -મુખ/ ઉપ-મુખે સત્તા ગુમાવી હતી, આ અવિશ્વાસ -સ્તાવ માં ૪ કોન્ગ્રેસ્સ સભ્યો ,૧૫ અપક્ષો અને ૭ ભાજપી સભ્યો એક સૂત્ર માં બંધાયા હતા અને ૨૬ સભ્યો ના આ નવા ગઠબંધને ભાજપ ની સત્તા ને કચડી નાખવા માં મહત્વ ની ભૂમિકા અદા કરી હતી,જયારે એક અપક્ષ મહિલા સભ્ય આ મતદાન થી દુર રઝા હતા વળી, બિનસતાવાર રીતે વોટ્સ- અપ અને સોસીયલ મીડિયા માં ક્યા સભ્યે કેટલા લાખ મત આપવા લીધા તેના આંકડાકીય માહિતી પણ ફરતી થઈ હતી જેમાં એક-એક સભ્ય નો ભાવ ૧૦ લાખ થી ૧૫ લાખ દર્શાવવા માં આવ્યો હતો,અને આ હાઈ વોલ્ટેજ ડ્રામા માં બે કરોડ થી વધુ ની રકમ વહેચવા માં આવી હોવાનું ફરતા થયેલા મેસેજો માં દર્શાવાયું હતું ,જોકે કાયદા ની ભાષા માં આવા સંદેશા કે મેસેજ ની કોઈ કિમત ન હોઈ તે આધાર વિના ના ઉન્માદિત મેસેજ બન્યા હતા

જયારે આ બાબતે ભાજપ નાં પાલિકા -મુખ ડો ,તેજલબેન પટેલે જણાવેલ કે ભાજપ ના કેટલાક સદસ્યો પક્ષ વિરુદ્ધ ની -વૃત્તિ અને અંગત લાભ ની લાલચ માં અમારા થી વિમુખ થતા અમે સત્તા ગુમાવી છે પાર્ટી ની વિરુદ્ધ માં આ બળવાખોર ૭ ભાજપી સદસ્યો સામા પક્ષે વેચાઈ ગયા હોઈ ભાજપે સત્તા ગુમાવી હોવાનો પાલિકા નાં -મુખ ડો, તેજલબેન પટેલે ચોકાવનારો ખુલાસો કર્યો હતો, જયારે આ બાબતે નાયબ કલેકટર દિગંત બ્રમ ભટ્ટ દ્વારા અધિકારીક સ્તર થી આ અવિશ્વાસ ની દરખાસ્ત ૨૬ સદસ્યો એ અવિશ્વાસ દરખાસ્ત ની તરફેણ અને ૯ સદસ્યો એ અવિશ્વાસ ની દરખાસ્ત નો વિરોધ કરેલ હોઈ જરૂરી બે ત્રતીયાઉંસ બહુમતી થી આ અવિશ્વાસ ની દરખાસ્ત પસાર થયેલ છે

જયારે કોન્ગ્રેસ્સ નાં -વક્તા -કશભાઈ ભરતીયા એ ભાજપ સત્તા સ્થાને રહી યોગ્ય કામગીરી કરવા માં તેનાજ લાઈટ -પાણી અને સફાઈ જેવી સુખાકારી સુવિધા આપવામાં નિષ્ફળ નીવડતા લોકો રોષે ભરાયાં છે અને સાથી સદસ્યો પણ આ વૃતિ થી બાજ આવતા ડીસા પાલિકા માં હાલ ની આ અવિશ્વાસ દરખાસ્ત પસાર થઈ છે તેવું જણાવ્યું હતું તેમને સોસીયલ મીડિયા માં ફરતા થયેલા સભ્યો ની કહેવાતી ખરીદી ના મેસેજ ની ટીકા કરી હતી અને ભાજપ -મુખ ની કામગીરી ભ્રસ્તાચર થી ખરડાયેલી હોઈ તેમનાજ સાથી પક્ષો તેમનાથી દુર થયા હોઈ તેમને સત્તા ગુમાવી હોવાનું જણાવ્યું હતું, ડીસા નગરપાલિકા ના ઈતિહાસ માં ટૂંકા ગાળા માં બે વખત ભાજપ ના પાલિકા -મુખ વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્ત મુકાયી હોય તેવું પહેલી વાર બન્યું છે તેવું જણાવી ભાજપ નો આ પરાજય છે પણ આ લોકો નો વિજય છે,તેવું તેમને જણાવ્યું હતું

ગુજરાતમાં સર્વાંગી વિકાસ થયો છે : પત્રકાર પ્રતિનિધિ મંડળ

આંધ્રપ્રદેશ અને તેલંગણાના પત્રકાર પ્રતિનિધિ મંડળે સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૨૪

દેશના -ધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ગામડાઓમાં શહેરીકક્ષાની સુવિધાઓ મળે એવી વિકાસની દિશામાં સાબરકાંઠાના જિલ્લાના ગામોમાં વિકાસના કામો થયા હોવાનું આંધ્ર-દેશ અને તેલંગણા રાજયના પત્રકાર -તિનીધી મંડળે -તિભાવ વ્યકત કર્યો હતો. આજે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રંગપુર અને આકોદરા એનિમલ હોસ્ટેલની મુલાકાતે આવેલા પત્રકાર -તિનીધી મંડળે ગામામાં પીવના સ્વચ્છ પાણી અને ઘરે ઘરે શૌચાલય નિમાર્ણ સાથે ગામના મહિલા સખી મંડળની -વૃતિ વિષે વિગતવાતર માહિતી મેળવી હતી.

ઉપરાંત ભારતની એકમાત્ર એનિમલ હોસ્ટેલના મુલાકાત દરમિયાન મહિલા પશુપાલક સાથે ચર્ચા કરી દૂધ ધ્વારા થતી આવક અને મહિલા દૂધ મંડળી ધ્વારા થતી -વૃતિઓ વિશે રસપૂર્વક અધ્યન કર્યુ હતું જયારે ગોબર ગેસ પ્લાન્ટ ધ્વારા ઉત્પાદિત ઉર્જાથી હોસ્ટેલમાં ચાલતા વીજ-વાહ અંગે જાણકારી મેળવી હતી.

-તિનિધિ મંડળે તલોદ તાલુકાના પુસંરી ગામ પંચાયતની મુલાકાત લીધી જેમાં સૌનો સાથ અને સૌનો વિકાસની સંપૂર્ણ પરિભાષા સમજવાની પહેલ પુસંરી ગ્રામપંચાયતે કરી છે ,અહિ ઉત્તમ લોકભાગીદારીની સાથે સામાજીક સમરસતાનું ઉત્તમ મંદિરની મિશાલ પુરી પાડી પુસંરી ગામે વિકાસના અનેકવિધ કામો હાથ ધરાયા છે.

વધુમાં તેમણે જણાવતા ગામમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી ધરાવતા બક્ષીપંચ સમુદાયની ઉપરાંત અન્ય વર્ગને ઉત્તમ કક્ષાનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી સવલતો ઉભી કરતા આવનારી પેઢીઓને યોગ્ય દિશા મળી રહેશે.

રાજયમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યા છે. નાનકડા પુસંરી ગામમાં નવિન વર્ગખંડો, કન્યાઓ માટે શૌચાલયની અલાયદી સુવિધા, કમ્પ્યૂટર લેબ સહિતની ભૌતિક માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ગામના રસ્તા, પીવાના પાણી માટે આર.ઓ પ્લાન્ટ, વિધાર્થીઓ માટે બસ સેવા, પાકા મકાન અને રસ્તા જેવી ભૌતિક સુવિધાઓ જોઇ આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું કે, પુસંરીમાં જે કામ થયુ છે તે અદભૂત છે. જે દેશના કોઇ ખૂણામાં થયુ નથી, શહેરની સમકક્ષ ગામનો વિકાસ થયો છે આમ ગુજરાતમાં સર્વાગી દિશામાં વિકાસ ચરિતાર્થ થાય છે.

આ મુલાકાત દરમિયાન વિકાસ અધિકારી નાગરાજન, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ખપેટ, પશુપાલન નિયામક મિસ્ત્રી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રઝા હતા.

ખેડબ્રહ્મા ડેપોના કંડક્ટરનું હાર્ટ એટેકથી અવસાન

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના કંડક્ટરનું ફરજ દરમિયાન હૃદય રોગના હુમલાથી અવસાન થતા એસ.ટી. કર્મચારીઓ સહિત તેમના વતન ઉમેદગઢમાં શોક પ્રસરી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા બાબુભાઈ નારણભાઈ પટેલ (રહે. ઉમેદગઢ)નું ફરજ દરમિયાન હૃદયરોગનો હુમલો આવતા અવસાન થવા પામ્યું હતું. ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના ડ્રાઈવર શામલભાઈ પરમાર (રહે. માથાપુર) તથા કંડકટર બાબુભાઈ પટેલ સોમવારે વહેલી સવારે ખેડબ્રહ્માથી બગદાણાના બસરૂટ ફરજ ઉપર ચઢ્યા હતા. સોમવારે બગદાણા પહોંચી બસનું રોકાણ હોવાથી રાત્રિ તથા રોકાયા હતા. મંગળવારે વહેલી સવારે ૬ વાગે બગદાણાથી બસ લઈ ખેડબ્રહ્મા આવવા નિકળ્યા હતા. દરમિયાન બાબુભાઈ પટેલને શિહોર અને સોનગઢ વચ્ચે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. જેથી બસના ડ્રાઈવર શામળભાઈ પરમારે ૧૦૮ બોલાવી સારવાર માટે શિહોર દવાખાને ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. ઉલ્લેખનીય છે કે એક માસ અગાઉ તેમના માતાનું પણ અવસાન થયું હતું. બાબુભાઈ પટેલની બુધવારે ઉમેદગઢમાં નીકળેલા સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં સ્વજનો જોડાયા હતા.

ખેલૈયાની આતુરતાનો અંત આવતીકાલથી નવરાત્રીનો શુભારંભ

મોડાસા, તા. ૨૪

નવરાત્રી એટલે આદ્યશક્તિ મા ની આરાધના કરવાનો દિવસ. માતાજીના આ નવલા નોરતામાં ભક્તિ, શક્તિ અને આરાધનાના મહાપર્વેના નવ દિવસના લગલગાટ ઉપવાસ વ્રત સાથે માતાજીના પૂજા પાઠ યજ્ઞ હવન તથા મહાશક્તિ મા અંબાના અનુષ્ઠાનો ઘરે-ઘરે અને જાહેર સ્થળોએ ભાવથી ઉજવાય છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના ખેલૈયાઓ પણ નવરાત્રીની આતુરતાથી રાહ જોતા હોય છે ત્યારે આવતીકાલથી નવલા નોરતા ચાલુ થવાના હોવાથી યુવાનો અને યુવતિઓ માના ગરબા રમવા અધિરા થયા છે. મોડાસા શહેરમાં નવરાત્રીનો મહોત્સવ માટે વિવિધ યુવક મંડળો દ્વારા લગભગ એક મહિના અગાઉથી તૈયારી આરંભી દેવામાં આવે છે. તેમજ આજુબાજુના ગામડાઓમાં પણ નવરાત્રી મહોત્સવ ઉજવવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મોડાસા શહેરમાં કલ્યાણ યુવક વિકાસ મંડળ દ્વારા કલ્યા ચોકમાં, અરવલ્લી યુવક મંડળ દ્વારા રામપાર્ક સોસાયટીના ચોકમાં, ઉમીયા માતાના યુવક મંડળ દ્વારા ઉમીયા ટ્રસ્ટના પટાંગણમાં અને કચ્છી યુવક મિત્રો દ્વારા સહકારી જીનના મેદાનમાં શ્રી રિદ્ધી અને સિદ્ધી નવરાત્રી મહોત્સવના આયોજન થયા છે. તેમજ આ વખતે અનેરૂ આકર્ષણ જમાવવા માટે દેવલસિટી દ્વારા નવીન પ્રકારે દેવલસીટી નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. મોડાસા શહેર આ નવરાત્રી મહોત્સવના કારણે જગમગી ઉઠશે તેમજ રાત્રીનો નજારો ખૂબ જ માણવાલાયક હોય છે. ખેલૈયાઓ નવરાત્રીમાં ગરબા રમવાની સાથે નાસ્તાનો લાવો મુક્ત પણે ઉઠાવી શકે તે માટે નાસ્તાના સ્ટોલ પણ ઉભા કરાયા છે.

પ્રાંતિજમાં આરોગ્ય અને સફાઈ કર્મચારી અચોક્કસ મુદતની હડતાલ પર

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય તેમજ સફાઈ વિભાગના કર્મચારીઓ આજથી જ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતા નવરાત્રી પૂર્વે જ શહેરમાં સફાઈનો મામલો ગંભીર બન્યો છે. શહેરમાં સફાઈ ન થતા ચારે બાજુ ગંદકી અને દુર્ગંધને લીધે રહિશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય અને સફાઈ વિભાગના અંદાજે ૪૦ જેટલા કર્મચારીઓ વેતન, નિમણૂંક અને કેટલાક પ્રશ્નોની વિસંગતતાના અન્યાય સંદર્ભે આજે હડતાલ પર ઉતરી ગયા છે. કામદારો દ્વારા બહાર પાડેલ પત્રિકામાં સત્તાવાળાઓ સામે વિવિધ અંગુલી નિર્દેશો પણ કરવામાં આવ્યા છે. પરંતુ તંત્ર તેમની વાજબી માંગણીઓ સંદર્ભે આંખ આડા કાન કરતા ન છૂટકે આજે કર્મચારીઓએ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જવાનો નિર્ણય કરી હડતાલ પર ઉતરી ગયા હતા. પરિણામે આરોગ્ય અને સફાઈની સેવા ઠપ થઈ જતા નગરજનો ભારે ચિંતાતુર બન્યા છે. બીજી બાજુ શહેરમાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા જેમ તેમ પડી રહેતા શહેરનો હાલ બેહાલ બન્યો છે. ત્યારે જોવાનું એ રહ્યું કે તંત્ર આ સંદર્ભે શુ કાર્યવાહી કરે છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં નવરાત્રી ઉત્સવ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા મા અંબાજીના સાનિધ્યમાં નવરાત્રી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરે ગુરૂવારે સવારે ૬.૩૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન ઘટ સ્થાપન કરવામાં આવશે. નવરાત્રી દરમ્યાન સવારે ૬.૩૦ થી રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી મા અંબાના દર્શન માટે મંદિર ખુલ્લુ રહેશે. આસો સુદ આઠમને ગુરૂવારના રોજ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે જેની પુર્ણાહુતી સાંજે ૪.૩૦ વાગે થશે.

નવરાત્રી દરમ્યાન રાત્રે ૯.૦૦ વાગ્યાથી રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી રાસ-ગરબાનું આયોજન કરવામાં આવે છે જેમાં ખેલૈયા રાસ ગરબાની રમઝટ બોલાવશે. અંબિકા માતાજી મંદિરના ચાચર ચોકમાં ગરબે રમવુ એ એક લાવો ગણાય છે. જેને લઈ ખેડબ્રહ્માના યુવાધનમાં થનગનાટ જોવા મળે છે. ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિર સહીત બ્રહ્માજીચોક મહાકાલી માતાજી મંદિર-કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર-સરદાર ચોક તથા નવા મારવાડા સહીત અન્ય જગ્યાએ નવરાત્રી ઉત્સવ ઉજવવામાં આવે છે.

સાબરકાંઠાને 'મોડલ જિલ્લા' તરીકે વિકસાવાશે : બંછાનિધિ પાની

હિંમતનગર, તા. ૨૪

કલેકટરશ્રીએ રાજય સરકાર ધ્વારા ગતિશીલ ગુજરાતના સૂત્રને સાર્થક કરવા તા. ૨૫ સપ્ટેમ્બરથી ૨ ઓકટબર ૨૦૧૪ દરમિયાન નિર્મળ સાબરકાંઠા અભિયાન અંતર્ગત સ્વર્ણિમ સિધ્ધિઓ હાસંલ કરવા સુવ્યવસ્થિત આયોજન ગોઠવવા જિલ્લાના અમલીકરણ અધિકારીઓને ેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં કુપોષણ મુક્ત સાબરકાંઠા, મહિલા સશકિતકરણ, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન, ઘરે ઘરે શૌચાચલય સહિતની લોકકલ્યાણની અનેકવિધ યોજનાઓનો સુચારૂ અમલ થાય તો જ વિકાસના સાચા સહભાગી બની શકીશું.

વધુમાં કલેકટરબંછાનિધિ પાનીએ ઈ-કલેકટરની નવિન વેબસાઈટ ધ્વારા લોક કલ્યાણના ેની ઉકેલની દિશામાં કામગીરી હાથ ધરી છે ત્યારે હવે ઈ-કમિટી ધ્વારા જિલ્લાકક્ષાએ યોજાતી તમામ બેઠકોનું ઓનલાઈન ેઝન્ટેશન કરી પેપર લેસ કામગીરીની દિશામાં સાબરકાંઠા જિલ્લાએ નવિન પહેલ કરી છે. વધુમાં તેમણે જિલ્લામાં યોજાયેલ તથા આગામી સમયમાં યોજાનાર લોકસંવાદ સેતુના -જાકીય ેનું ઝડપથી નિરાકરણ આવે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ સાબરકાંઠા જિલ્લાએ અનેકક્ષેત્રે વિકાસની સિધ્ધિઓ હાસંલ કરી છે ત્યારે ભારત સરકાર ધ્વારા દેશના ૫૦થી વધુ જિલ્લાઓનો મોડલ જિલ્લા તરીકે વિકસાવવાનો નિર્ણય કરાયો છે જે પૈકી સમગ્ર ગુજરાત રાજયમાંથી અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાને મોડલ જિલ્લા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે જેથી આ પાયલોટ ેજેક્ટમાં જિલ્લામાં વધુ અસરકારક કામગીરી થાય તે માટે અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦